–: પ્રેસનોટ :–

અમદાવાદ શહેરમાં 'નરેન્દ્ર મોદી સ્ટેડીયમ' મોટેરા, સાબરમતી ખાતે ઇન્ડીયન પ્રીમીયર લીગ (IPL 2026) ની આગામી ક્રિકેટ મેચ તા.૨૬/૪/૨૦૨૬ ના રોજ ગુજરાત ટાઇટન્સ **v/s** ચેન્નાઇ સુપર કિંગ્સ વચ્ચે રમાનાર હતી. જે બાબતે પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર નાઓ દ્વારા તા.૨/૪/૨૦૨૬ ના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૧૪/૨૦૨૬ થી ક્રિકેટ મેચ દરમિયાન ટ્રાફિક ડાયવર્ઝન કરવા માટેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, જેની નકલ આ સાથે સામેલ છે.

આગામી તા.૨૬/૪/૨૦૨૬ ના રોજ સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણી – ૨૦૨૬ યોજાનાર હોય જેથી અમદાવાદ શહેરમાં રમાનાર સદરહું ગુજરાત ટાઇટન્સ **v/s** ચેન્નાઇ સુપર કિંગ્સ વચ્ચેની ક્રિકેટ મેચ અમદાવાદ શહેરની જગ્યાએ MA Chidambaram Stadium, Chennai ખાતે યોજાનાર છે. જેથી તા.૨૬/૪/૨૦૨૬ ના રોજ **'જનપથ ટી થી મોટેરા સ્ટેડીયમ મુખ્ય ગેટ થઇ કૃપા રેસીડેન્સી ટી થઇ મોટેરા ગામ ટી' સુધીનો જતો આવતો માર્ગ વાહન વ્યવહાર માટે ચાલુ રહેનાર છે.**

બાકીની તમામ વિગતો ઉક્ત પ્રસિદ્ધ કરેલ જાહેરનામા મુજબ યથાવત રાખવામાં આવે છે. જે અંગેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

તા.૨૩/૪/૨૦૨૬

(નીરજ કુમાર બડગૂજર)
I/c. સંયુક્ત પોલીસ કમિશનર
ટ્રાફિક,અમદાવાદ શહેર

જાહેરનામું

પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/**૧૪**/૨૦૨૬,
તા.૨/૪/૨૦૨૬

હું, જી.એસ.મલિક,IPS,પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) ની સત્તા અન્વયે આગામી **(૧)** તા.૪/૪/૨૦૨૬ ના રોજ ગુજરાત ટાઇટન્સ **v/s** રાજસ્થાન રોયલ્સ,**(૨)** તા.૧૭/૪/૨૦૨૬ ના રોજ ગુજરાત ટાઇટન્સ **v/s** કોલકત્તા નાઇટ રાયડર્સ,**(૩)** તા.૨૦/૪/૨૦૨૬ ના રોજ ગુજરાત ટાઇટન્સ **v/s** મુંબઇ ઇન્ડીયન્સ,**(૪)** તા.૨૬/૪/૨૦૨૬ ના રોજ ગુજરાત ટાઇટન્સ **v/s** ચેન્નાઇ સુપર કિંગ્સ,**(૫)** તા.૩૦/૪/૨૦૨૬ ના રોજ ગુજરાત ટાઇટન્સ **v/s** રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ,**(૬)** તા.૩/૫/૨૦૨૬ ના રોજ ગુજરાત ટાઇટન્સ **v/s** પંજાબ કિંગ્સ,**(૭)** તા.૧૨/૫/૨૦૨૬ ના રોજ ગુજરાત ટાઇટન્સ **v/s** સનરાઇઝ હૈદરાબાદની ટીમો વચ્ચે ઇન્ડીયન પ્રીમીયર લીગ (IPL 2026) ની ક્રિકેટ મેચો 'નરેન્દ્ર મોદી સ્ટેડીયમ' મોટેરા, સાબરમતી,અમદાવાદ શહેર ખાતે રમાનાર છે. આ મેચ જોવા માટે આવનાર VVIP, મોટા પ્રમાણમાં અને મર્યાદીત સમયમાં વાહનો સાથે આવતા દર્શકો, ખેલાડીઓ અને સેલીબ્રીટીને જોવા માટે એકઠી થતી આમ જનતા વચ્ચે વાહનોની અવર-જવર અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય તેમજ માર્ગ અકસ્માતો બનતા નિવારવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ :-

અમદાવાદ શહેરમાં 'નરેન્દ્ર મોદી સ્ટેડીયમ' મોટેરા, સાબરમતી ખાતે ઇન્ડીયન પ્રીમીયર લીગ (IPL 2026) ની ઉપર્યુક્ત વિગતો મુજબની ક્રિકેટ મેચો રમાનાર હોય જે મેચ દરમિયાન નીચે જણાવેલ માર્ગ પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ડાયવર્ઝન કરવામાં આવે છે.

અનં.	**વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ ડાયવર્ઝન વાળો માર્ગ**	**વૈકલ્પિક માર્ગની વિગત**
૧.	જનપથ ટી થી મોટેરા સ્ટેડીયમ મુખ્ય ગેટ થઇ કૃપા રેસીડેન્સી ટી થઇ મોટેરા ગામ ટી સુધીનો જતો-આવતો માર્ગ વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત રહેશે.	**૧.** તપોવન સર્કલથી ઓ.એન.જી.સી. ચાર રસ્તાથી વિસત ટી થી જનપથ ટી થઇ પાવર હાઉસ ચાર રસ્તા થઇ પ્રબોધરાવળ સર્કલ સુધીના જતા-આવતા માર્ગ પરથી અવર-જવર કરી શકાશે. **૨.** કૃપા રેસીડેન્સી ટી થઇ શરણ સ્ટેટસ ચાર રસ્તા થઇ ભાટ કોટેશ્વર રોડ થઇ એપોલો સર્કલ તરફ અવર-જવર કરી શકાશે.

અપવાદ : સદર ક્રિકેટ મેચ સાથે સંકળાયેલ વાહનો, ફરજમાં રોકાયેલા સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો,આકસ્મિક સંજોગોમાં વાહન સાથે અવર-જવર કરનાર તથા આ વિસ્તારમાં વસવાટ કરતા રહીશોને આ જાહેરનામું લાગું પડશે નહી.

-: જાહેરનામાની અમલવારીની વિગત :-

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને **નીચેના કોષ્ટક મુજબ તારીખ સામે જણાવેલ સમયગાળા મુજબ** કરવાનો રહેશે.

અ.નં.	તારીખ		સમયગાળો
૧.	૪/૪/૨૦૨૬	»	બપોર કલાક ૧૪.૦૦ થી રાત્રી કલાક ૨૪.૦૦ સુધી.
	૫/૪/૨૦૨૬	»	રાત્રી કલાક ૦૦.૦૦ થી ૨.૦૦ સુધી.
૨.	૧૭/૪/૨૦૨૬	»	બપોર કલાક ૧૪.૦૦ થી રાત્રી કલાક ૨૪.૦૦ સુધી.
	૧૮/૪/૨૦૨૬	»	રાત્રી કલાક ૦૦.૦૦ થી ૨.૦૦ સુધી.
૩.	૨૦/૪/૨૦૨૬	»	બપોર કલાક ૧૪.૦૦ થી રાત્રી કલાક ૨૪.૦૦ સુધી.
	૨૧/૪/૨૦૨૬	»	રાત્રી કલાક ૦૦.૦૦ થી ૨.૦૦ સુધી.
૪.	૨૬/૪/૨૦૨૬	»	સવાર કલાક ૧૦.૦૦ થી ૨૨.૦૦ સુધી.
૫.	૩૦/૪/૨૦૨૬	»	બપોર કલાક ૧૪.૦૦ થી રાત્રી કલાક ૨૪.૦૦ સુધી.
	૧/૫/૨૦૨૬	»	રાત્રી કલાક ૦૦.૦૦ થી ૨.૦૦ સુધી.
૬.	૩/૫/૨૦૨૬	»	બપોર કલાક ૧૪.૦૦ થી રાત્રી કલાક ૨૪.૦૦ સુધી.
	૪/૫/૨૦૨૬	»	રાત્રી કલાક ૦૦.૦૦ થી ૨.૦૦ સુધી.
૭.	૧૨/૫/૨૦૨૬	»	સવાર કલાક ૧૧.૦૦ થી ૨૨.૦૦ સુધી.
	૧૩/૫/૨૦૨૬	»	રાત્રી કલાક ૦૦.૦૦ થી ૨.૦૦ સુધી.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ–૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુકત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રી/ કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ–૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ–૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨/૪/૨૦૨૬ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

તા.૨/૪/૨૦૨૬
અમદાવાદ શહેર

(જી.એસ.મલિક)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બેરેક નં–૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.ગાંધીનગર
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ત, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ

(૧૪) ચીફ મેટ્રોપોલીટિન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર
(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર-૧,સેકટર-૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઈમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂં. (E-mail : **gogpress-vad@gujarat.gov.in**)
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા,પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં
(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.